




ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગરમાં નવા કાર્યાલય નિર્માણના ફંડ એકત્રીકરણ માટે લોક ડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને માણવા માટે હૉલની ક્ષમતા કરતાંય વધુ ભાવકો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ડાયરાના મુખ્ય કલાકાર તરીકે ખ્યાતનામ કલાકાર શાહબુદીન રાઠોડ સૌના આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા, જેમણે પ્રેક્ષકોને મૉજ કરાવી દીધી હતી. કાર્યક્રમ માણવા માટે શંકરસિંહ વાઘેલા, અર્જુનભાઈ મોઢવાડિયા અને ડૉ. સી જે ચાવડા સહિત કોંગ્રેસી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ચાવડાએ નવિન કાર્યાલય માટે ફાળો આપનારા દાતાઓનાં નામ જાહેર કર્યા હતાં અને કાર્યાલય અદ્યતન બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. (તસવીર : દિપક જાની)

## ચૌધરી વિદ્યાલયની ૧૧ વિદ્યાર્થીનીઓએ રાજય જમ્પ રોપ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર તા. ૧૬

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય રાજ્યકક્ષાનો યુ.-૧૯ જમ્પરોપ વહેરા ગામે યોજાયેલ સ્પર્ધા ભાગ લીધો હતો. શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૧૧ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આચાર્યા સંતોકબેન ચૌધરી અને કોચ લીલાબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

ચૌધરી સેજલ, ચૌધરી મિત્તલ, ચૌધરી ભૂમિ, ચૌધરી સુમન, ચૌધરી જયા, ચૌધરી રોશની, ચૌધરા આસ્કા, ચૌધરી સુખી, નીતા પટેલ, ચૌધરી ધારા, ચૌધરી કવિતા તમામ બહેનો ધોરણ-૧૧ની છે.

## આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં વસતી શિક્ષણ દિન ઉજવાયો

ગાંધીનગર તા. ૧૬

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળામાં વસ્તી શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. વકૃતત્વ,નિબંધ, ચિત્ર સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં ધોરણ-૯ થી ૧૧ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર દિલહરબા જાડેજા, અર્થશાસ્ત્ર વિષયના શિક્ષક રશ્મીબેન પટેલ, નારણભાઈ બારોટે કરેલ હતું. પંકજભાઈ, જશુભાઈ, પન્નાબેને સફળતા માટે જહેમત ઉઠાવી હતી. ભારતની વસ્તી પ્રમાણ વસ્તી વધવાના કારણો, અસરો અંગે વિવિધ હરિફાઈઓ યોજાયેલ હતી.

વકૃતત્વ સ્પર્ધા 'આજનો સળગતો પ્રશ્ન વસ્તી વધારો'માં હેમાંગીની એમ. પટેલ પ્રથમ, અમી જી. દેસાઈ દ્વિતીય, દામીની અડાલજા તૃતીય નંબરે વિજેતા બનેલ હતા.

## સ્વામી યોગાનંદ વિદ્યાલયમાં યોજાયેલ ગુરૂ-છાત્ર વંદના કાર્યક્રમ

ગાંધીનગર તા. ૧૬

યુગો યુગોથી ગુરૂ-શિષ્યના પવિત્ર સંબંધની વાતોની તાદૃષ્ય ઝાંખી કરાવતો ગુરૂવંદના તથા છાત્રવંદનાનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. ભારત વિકાસ પરિષદના સહયોગથી સંયોજકશ્રી ગીતાબેન જેટલીની ઉપસ્થિતિમાં મનોજ રાવલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

આચાર્ય ગોવિંદભાઈ નસીને સ્વાગત પ્રવચન સાથે પ્રસંગનું મહત્વ સમજાવ્યું હતું. શિક્ષિકા કલ્પનાબેન ચૌહાણને વિશિષ્ટ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. બાળકોમાં સંસ્કાર ઘડતર તથા ચારિત્ર નિર્માણની શાળાની અવિરત ચાલતી કામગીરીમાં ભારત વિકાસ પરિષદે વિશેષ યોગદાન પૂરું પાડેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતિભાઈ પટેલે કર્યું હતું.

## જિલ્લા કક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધા ૨૨મી જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસિએશન દ્વારા જિલ્લા કક્ષાની ઝડપી સાયકલીંગ સ્પર્ધા તા. ૨૨મી જુલાઈ ૨૦૧૨ રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે હેલીપેડ ગ્રાઉન્ડ, સેકટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે. સમારંભમાં ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસિએશનના પ્રમુખ કિશોરભાઈ ગોપલાણી હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કરશે.

જિલ્લા કક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધાની શરૂઆત ટાઉનહોલના ડોમ પાસેથી શરૂ થઈ અને ત્યાં જ પુરી થશે. આ સ્પર્ધા જુનિયર વિભાગ, સિનિયર વિભાગ, ઓપન વિભાગ એમ ત્રણ વિભાગમાં યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા રસ ધરાવતી સંસ્થાઓ, શાળાઓ, મહાશાળાઓ, કોલેજો તેમજ વ્યાયામ શાળા તેમજ રમતગમતની કલબોએ પોતાના ખેલાડી ભાઈઓ, બહેનો કે જેઓની ઉંમર ૧૪ વર્ષ અથવા ૧૪ વર્ષથી ઉપરની હોય તેવા ખેલાડીઓના નામ, સરનામું, જન્મ તારીખ, શાળાનું નામ, અભ્યાસ વગેરે માહિતી સાથેની એન્ટ્રી સાથે ખેલાડીઓને નિયત ગણવેશમાં ૨૨મી જુલાઈ ૨૦૧૨ને સવારે ૬ કલાકે સેકટર-૧૭ના સ્થળે હાજર રહેવા જણાવાયું છે.

## જવાહર નવોદય વિદ્યાલયની પરીક્ષામાં દહેગામના ૩ વિદ્યાર્થીઓ સફળ

દહેગામ, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ સ્ટેશનના બે વિદ્યાર્થીઓ ને પાટના કૂવાના એક વિદ્યાર્થીએ તાજેતરમાં ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય, શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય, ગાંધીનગર માટે ધોરણ-૬ની પ્રવેશ પરીક્ષા આપી હતી. જેમાં ત્રણેય વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ થઈ પસંદગી યાદીમાં પોતાના નામ સામિલ કરી દીધા છે. જે બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

અમદાવાદ-મોડાસા હાઈવે ટચની વાયા દહેગામથી ૧૦ કિ.મી.ના અંતરે આવેલી જવાહર નવોદયા વિદ્યાલય મુ.પો. સામેત્રીમાં ધોરણ-૬ થી પ્રવેશ મેળવવા ગત તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨માં યોજાયેલ જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષામાં દહેગામ તાલુકાના રખિયાલમાં આવેલ શ્રી અર્બુદા કેળવણી ટ્રસ્ટ-સામેત્રી સંચાલિત પંચશીલ વિદ્યાલયમાં પાયાથી પ્રાથમિક શિક્ષણ મેળવતાં જોડીયાં ભાઈ-બહેન પટેલ રોશન મિલનકુમાર તથા પટેલ ઋત્વિ મિલનકુમાર (રખિયાલ) અને ચૌધરી યશ્વી અંબાલાલ (પાટનાકુવા)ને તેમના પથ પ્રદર્શક ગુરુજનોની રાહબર હેઠળ સદર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહેનત કરી પાસ થઈ નાની વયે મોટી સિદ્ધિ મેળવી શાળા અને ગામનું ગૌરવ વધારવ બદલ-નામ રોશન કરવા બદલ યશ્વી-ઋત્વિ અને રોશન આ ત્રણેય તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શાળા પરીવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

આ સ્કૂલમાં અગાઉ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦માં ભૂતપૂર્વ વિદ્યાર્થી પટેલ ચેતન રસિકભાઈ અને ઝાલા વિશાલ દિલિપસિંહ (પનાપુર)ને પણ સદર પ્રવેશ પરીક્ષામાં ઝળહળતી સફળતા મળી હતી. તેઓએ પ્રવેશનો લાભ લઈ આગળ ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે ગુણવત્તાયુકત આધુનિક શિક્ષણ, સાંસ્કૃતિક-નૈતિક મૂલ્યોનો વિકાસ, પર્યાવરણનું ઉચ્ચ જ્ઞાન, સાહસભરી પ્રવૃત્તિઓ દ્વારા શારીરિક શિક્ષણ પૂરું પાડવું, હિન્દી-અંગ્રેજી અને પ્રાદેશિક ભાષામાં કુશળતા પ્રાપ્ત કરવી તથા જિલ્લા કક્ષાએ શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુસર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સને ૧૯૮૬ અનુસાર હાલમાં ભારત સરકારે ઠેર ઠેર નવોદય વિદ્યાલયો શરૂ કર્યા છે. જે સહ શિક્ષણ આપતી છાત્રાલયની સુવિધાવાળી, નીતિ નિયમાનુસાર અને કેટેગરી મુજબ આવશ્યક નિઃશુલ્ક શૈક્ષણિક સહાય આપતી શાળાઓ છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને ૩૦૦૦ નોટોનું વિતરણ

ગાંધીનગર, તા.૧૫

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ જીલુભા ધાધલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાની બેઠકમાં થયેલા નિર્ણય પ્રમાણે ગરીબ વિદ્યાર્થીઓને ફૂલ સ્કેપ નોટોનું વિતરણ તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મગનભાઈ કાકડિયા, હરેશપાલ, નવીન વસોયા તરફથી મળેલ ૩૦૦૦ ફૂલ સ્કેપ નોટોનું વિતરણ સેકટર-૧૩, ૨૦ અને ૯ના ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું. આગામી માસમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવાનું નક્કી થવાથી પ્રથમ તબકકામાં વન વિભાગના સહયોગથી મળેલા ૨૦૦૦ રોપાઓનું સૌરાષ્ટ્ર કચ્છ ટીમ દ્વારા કોટેશ્વર મહાદેવ મંદિરે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બીજા રોપાઓ સરકારી શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને મંદિરોના પટાંગણમાં રોપવાનું નક્કી કર્યું છે. આ રોપાઓને રોપીને ઉછેરવા માટે એન.પી. પટેલે વેસ્ટર્ન સીડઝ તરફથી ૧૦૦ ટી-ગાર્ડ, ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ તરફથી પૂર્ણ વિકાસ સુધી પાણી પાવાનું અને અન્ય ખર્ચ કેતનભાઈ ધોળુ-આવાસ બિલ્ડર્સ તરફથી મળશે. તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ભવ્ય 'સરસ્વતી સન્માન સમારોહ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

## સ્વામીજીની દૃષ્ટિએ ભારત પતનનાં કારણો



॥ પંદરમો મણકો ॥

આપણે પોતે કાંઈ પણ કરતા નથી ને બીજા કાંઈ કરે તેની હાંસી ઊડાવીએ છીએ. આ ઝેરથી જ આપણા રાષ્ટ્રની અધોગતિ થઈ છે. બધા દુખોનું મૂળ સહાનુભૂતિ અને ઉત્સાહના અભાવમાં છે. આ બંને ખામી ત્યજવી જોઈએ. સૌને તક આપો, બાકી બધું ઈશ્વર પર છોડો.

એમ કહેવાય છે કે ભારતમાં સર્વ દુખોનું કારણ ભૂતકાળ તરફ આટલી બધી નજર નાખ્યા કરાય છે તે છે. સ્વામીજી કહે છે એનાથી વિપરીત વાત જ સાચી છે. જ્યાં સુધી હિન્દુ પ્રજા પોતાના ભૂતકાળને ભૂલી ગઈ હતી ત્યાં સુધી એ મૂર્છિત અવસ્થામાં હતી. પરંતુ, જ્યારે તેણે પોતાના ભૂતકાળમાં દૃષ્ટિ દોડાવા માંડી ત્યારે તરત જ જીવનમાં ચોમેર એક નવી જ જાગૃતિ દેખાવા લાગી. આ ભૂતકાળમાંથી જ ભવિષ્યનું ઘડતર થવાનું છે. આ ભૂતકાળ જ ભાવિ થઈને ઊભો રહેશે.

આથી હિન્દુઓ પોતાના ભૂતકાળનો જેટલો વધુ અભ્યાસ કરશે તેટલું તેમનું ભાવિ વધુ ઉજ્જવળ થશે. અને જે કોઈ આ ભૂતકાળનો સંદેશ ઘરઘરના આંગણે પહોંચાડવાનો પ્રયાસ કરશે તે આ પ્રજાનો મહાન કલ્યાણકર્તા ગણાશે. ભારતનું અધઃપતન થયું તેનું કારણ પૂર્વજોના કાયદા અને રિવાજો ખરાબ હતા, તે નથી, પરંતુ તે કાયદા અને રિવાજોને તેમના સ્વાભાવિક પરિણામોએ પહોંચવા દેવામાં ન આવ્યા તે છે.

શું આપણે સુખદુખથી અતીત, કર્મથી અતીત, શાંત ને સત્વગુણની નિષ્ક્રિય અવસ્થામાં છીએ કે આપણે તે હલકામાં હલકી, જીવનહીન, કંઈ પણ કરવાને અશકય હોવાથી કર્મ વગરની - પથ્થર જેવી જડ ને નિષ્ક્રિય તમોગુણની દશામાં પડ્યા પડ્યા હલનચલન વિના ને ક્રમે ક્રમે અંદર ને અંદર સડીને ખવાતા જઈએ છીએ ? સ્વામીજી આ પ્રશ્ન આપણને ગંભીરતાથી પૂછે છે, ને આપણી પાસેથી તેનો ઉત્તર માગે છે.

કોઈ પણ મનુષ્ય કે કોઈ પણ રાષ્ટ્ર અન્યને હડધૂત કરીને ટકી ન શકે. જે દિવસે ભારતવાસીઓએ 'મલેચ્છ' શબ્દ શોધી કાઢ્યો અને બીજાઓ સાથેનો સંપર્ક તોડી નાંખ્યો તે જ દિવસે ભારતવર્ષનો વિનાશ નિશ્ચિત થઈ ચૂક્યો હતો. આ વિચાર તમારા મનમાં પોષણ પામે નહી તેની કાળજી રાખવી જોઈએ. વેદાંત વિશે મોટી મોટી વાતો કરવી એ સહેલું છે. પરંતુ એના ઉપદેશોનું થોડું પણ આચરણ કરવું એ દુષ્કર છે.

હિન્દુ ધર્મ જેટલા ઉચ્ચ સ્વરે બીજા કોઈ પણ ધર્મે પૃથ્વી ઉપર મનુષ્યત્વના ગૌરવનો પ્રસાર કર્યો નથી અને હિન્દુ ધર્મની જેમ અન્ય કોઈ ધર્મે પૃથ્વી ઉપર ગરીબ અને નીચલા વર્ગો ઉપર જુલમ ગુજાર્યો નથી. તેમાં ધર્મનો દોષ નથી, પણ દોષ છે હિન્દુ ધર્મમાં ઘૂસી ગયેલા રૂઢિજડ અને પંડિતાઈનો ઘમંડ ધરાવતા કપટીઓનો કે જેઓ પારમાર્થીક અને વ્યાવહારિક સિધ્ધાંતોના નામે દરેક પ્રકારના જુલમોના સાધનો શોધી કાઢે છે. ભારતમાં પતન અને અધોગતિનું એક મહાન કારણ પ્રજાની આસપાસ ઊભી કરવામાં આવેલી રૂઢિની દીવાલ છે. વળી, આ દિવસ બીજાના તિરસ્કારના પાયા ઉપર ચણાઈ હતી. જો કે, પ્રાચીનકાળમાં એનો મૂળ હેતુ તો હિન્દુઓને આજુબાજુની બૌધ્ધ પ્રજાઓના સંપર્કમાં આવતી અટકાવવાનો હતો. પ્રાચીન કે અર્વાચીન વિતંડાવાદ તેના ઉપર ગમે તેવો ઢાંકપિછોડો કરે તો પણ પોતાનો નીચે પાડ્યા સિવાય કોઈપણ વ્યક્તિ બીજાનો ધિક્કાર કરી શકે નહિ, તે નૈતિક નિયમ અનુસાર એનું અનિવાર્ય પરિણામ એ આવ્યું કે પ્રાચીન પ્રજાઓમાં જે પ્રજા અગ્ર સ્થાને હતી તે આજે નામશેષ અને અન્ય પ્રજાઓથી તિરસ્કૃત બની છે.

જે નિયમની પ્રથમ શોધ અને પરખ કરનાર આપણા પૂર્વજો હતા તેનો જ ભંગ કરવાનાં પરિણામોનાં ઉદાહરણરૂપ આપણે થયા છીએ. (અપૂર્ણ)

# વૃક્ષો ઊગે ત્યારથી જ પોતાનું જીવન બધા જીવો માટે કુરબાન કરી 'ત્યાગને ભોગવી જાણો' એ ઉક્તિને સાચી ઠેરવીને પોતાનું જીવન સાર્થક કરી દે છે

### દુષ્યંત-શકુંતલાના ગાંધર્વ વિવાહ પછી કન્યા વિદાય વેળાએ કણ્વઋષિના આશ્રમની વનલતા, વૃક્ષો, ફૂલો સાથે ચોધાર આંસુ સારી જે સંવાદો શકુંતલા બોલે છે એ વાણી બીજો બતાવો તો ખરા !

વૃક્ષોને, પ્રકૃતિને ખીલવાની મૉસમ એટલે ચોમાસું. આવું ચૉમાસું આવી પહોંચ્યું છે ત્યારે વૃક્ષોની વંદના કરીએ, તેમનું મહત્ત્વ સમજીએ ને વૃક્ષોના ઉછેર માટે સંકલ્પબદ્ધ અને પ્રયત્નશીલ થઈએ.

સૂર્ય છે તો પ્રકાશ છે, આકાશ છે તો વિકાસ છે, વાયુ છે તો આયુ છે, જળ છે તો બળ છે, પૃથ્વી છે તો પ્રાણી અને માણસ છે, માણસ છે તો શ્રદ્ધા છે, શ્રદ્ધા છે તો ભગવાન છે અને વૃક્ષોનું-વનરાજીનું મહત્ત્વ દોહરાવવું હોય તો કહેવું પડે કે, વન છે તો જીવન છે.

વન છે તો વરસાદ છે, વરસાદ વગર બધું બરબાદ છે. વરસાદ છે તો સૌ આબાદ છે. એટલે જ સૌએ બોલવું પડશે કે વૃક્ષોનો બહુ આભાર છે. પણ થોભી જાવ, વૃક્ષો માટે માત્ર આભારનો જ શિષ્ટાચાર દાખવવાથી બધું પતી જતું નથી. કારણ કે વૃક્ષો તો ઊભા સંતો છે.

સંતો પોતાના માટે કશું ભેગું કરતા નથી, બધાને બધું આપી દેવામાં જ માને છે. વૃક્ષો તો ઊગે ત્યાંથી આજીવન પોતાનું જીવન બધા જીવો માટે કુરબાન કરી 'ત્યાગને ભોગવી જાણો' એ ઈશાવાસ્ય ઉપનિષદની ઉક્તિને શબ્દશઃ, અક્ષરશઃ સાચી ઠેરવીને જ પોતાનું જીવન સાર્થક કરી દે છે. તેથી જો સંતોને વંદન કરીએ છીએ તો વૃક્ષોને પણ વંદન કરવાં ઘટે. આંબા, વેલી ને આંબલી, વૃક્ષોને હે ચંદન ! અમે સૌ મળીને, કરીએ તમોને વંદન !



એકમાં અનેકતા છે એનું નામ હિન્દુસ્તાન અને અનેકતામાં એક છે એનું નામ વૃંદાવન. વૃક્ષોની વિવિધતા તો જુઓ : કંદમૂળ, વેલ, વેલી, છોડ, વૃક્ષ, દ્રુમ, વનસ્પતિ, ઘાસ અને અંગો તો જુઓ - મૂળ, થડ, ડાળીઓ, પાંદડાં, મંજરી, પુષ્પો, ફળો, તૃણ, ગુંદર, રસ - બસ ગણતા જ જાવ, ગણતા જ જાવ...

આસોપાલવનાં પાન કામ આવે તો પારિજાતનાં પુષ્પો કામ લાગે, ચંદનની ખુશ્બુ મન મલકાવે તો કેસર આંબો જીભને લલચાવે, ગુલાબનું ફૂલ મેળવવા પડાપડી થાય તો મોગરાની વેણી માટે મારામારી પણ થાય, પેલી પીલી અમરવેલને પાંદડું ય ના થાય, તો પેલી બોરસલ્લીનાં પાન એટલાં કે ડાળી ય ના દેખાય, ફૂલ બેઠા વગર સીધેસીધું ફળ જ થાય એ ઉંબરો કહેવાય. અનાનસ ચોખ્ખોચોખ્ખું ફૂલ જ છે છતાં ફળ કહેવાય. આવી વૃક્ષોની જાહોજલાલીથી ધરતી શોભી ઊઠે છે :

ધરતી ઉપર ખીલ્યાં છે વન, ઉપવન, નંદનવન સમું દીસે છે આ આખું જગત.

દૃષ્ટિ એવી સૃષ્ટિ. વૃક્ષને જોવાની, નીરખવાની, માણવાની પણ એક આગવી કળા છે. આધ્યાત્મિક દૃષ્ટિએ વૃક્ષો આપણા બધાના ગુરુ છે, ઔષધિની દૃષ્ટિએ જીવતા જાગતા વૈધરાજ છે, સેવાની વાત કરીએ તો એ ભેખધારી સેવકો છે, ચિંતકની દૃષ્ટિએ ચિંતન કરી જુઓ તો એક એક વૃક્ષ હરતું-ફરતું આખું પુસ્તકાલય છે, ધાર્મિક દૃષ્ટિએ દુનિયાનાં દિલોમાં વસતાં સાક્ષાત્ દેવાલયો છે, પ્રાકૃતિક દૃષ્ટિએ પ્રભુએ સ્વર્ગમાંથી અહીં મોકલેલા દેવદૂતો છે, પશુ, પક્ષીઓ માટે એ રાજમહેલ છે અને આ ધરતીમાતાનાં એ વ્હાલસોયા સંતાનો છે.

સંસ્કાર સારા છે વૃક્ષોના આવા બેનમૂન, જગતમાં એથી કરે છે ગર્વ હિન્દુસ્તાન.



વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગાવદ્ ગીતા અને શાસ્ત્રો પણ આ વૃક્ષોની કથા કહેવામાં પાછળ નથી. ગીતામાં 'વૃક્ષોમાં હું પીપળો છું' એ વિભૂતિયોગના વૈભવની કથા છે, કદંબ વૃક્ષ ઉપર વાંસળી વગાડી ગોપીઓને ઘેલી કરી વસ્ત્રો હરી લેવાં એ કાન-ગોપીઓની પ્રસિદ્ધ પ્રણયકથાની પરાકાષ્ટા છે, પારિજાત વૃક્ષનું પ્રાગટ્ય એ દેવો-દાનવોના પરસ્પરના સમાધાનની, સમભાવની કથા છે, તો આ જ વૃક્ષને પટરાણી માટે સ્વર્ગ ઉપરથી દ્વારિકાનગરીમાં લાવવા માટેની શ્રીકૃષ્ણની એક લાગણીસભર રોમાંચક શૌર્યની યુદ્ધકથા છે. આવી અનેક કથાઓ છે.

વાતે વાતે છે, કેવાં વૃક્ષોનાં કથા-કથન, ગાગરમાં સાગર મળે, કરે સૌ વંદન !

વટ સાવિત્રીના વ્રત વખતે વડદાદા પાસે વર માટે વરસાદ માગતી વધુઓના સૂતરના તાંતણા-સૂત્ર દાંપત્યજીવન માટે મહામોંઘા મંગલસૂત્રની અતૂટ જીવાદારો બની જાય છે. ત્યારે યમરાજા પાસેથી પોતાના સત્યવાનને છોડાવી લાવતી પતિવ્રતા સતી સાવિત્રીની અદ્ભૂત કથાથી તો સમગ્ર ભારત દેશની નારી ગર્વથી માથું ઊંચું કરી કહી શકે છે કે, 'યે હૈ મેરા ઈન્ડિયા... ઈટ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા !'

તો દુષ્યંત-શકુંતલાના ગાંધર્વ વિવાહ પછી કન્યા વિદાય વેળાએ કણ્વઋષિના આશ્રમની વનલતા, વૃક્ષો, ફૂલો સાથે ચોધાર આંસુ સારી જે સંવાદો શકુંતલા બોલે છે એ વાણી બીજો બતાવો તો ખરા ! લક્ષ્મણ મૂર્છા વખતે હનુમાનજી સંજીવની લાવે, લક્ષ્મણ બોઠા થાય એવી અમરકથા બીજે ક્યાંય છે ?

દેવતાઓ ઝંખે છે જેમના સારા શુકન, એ પુષ્પોને, પત્રોને અમારા લાખ લાખ વંદન. (અપૂર્ણ)

- પી એમ પરમાર 'દર્શન'